## આવતીકાલનો ઉજાસ



ચિરાગ મુકુંદભાઈ રાઠોડ
ધોરણ-૮
આદર્શ નિવાસી શાળા
(અ જા કુ)

અભ્યાસની સાથે સાથે ચિરાગ ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિશેષ ૠચિ ધરાવે છે. વાચાળ અને માયાળુ સ્વભાવ ધરાવતો આ આદર્શ વિદ્યાર્થી હંમેશા અન્યની મદદ માટે તૈયાર રહે છે. સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત ઝોન કક્ષાના શાળાકીય રમતોત્સવમાં જૂડોની સ્પર્ધામાં દ્વિતિય ક્રમ અને ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી તેણે શાળા તેમજ પોતાના પરિવારનું ગૌરવ વધાર્યું છે.

# અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૭૩.૭૨ ટકા પરિણામ આવ્યું

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૨માં લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. આ પરીક્ષામાં મિડિયમ વાઈઝ પરિણામ રિપોર્ટ નીચે મુજબ છે.

| મિડિયમ | નોંધાયેલા ઉમેદવાર | ઉપસ્થિત | ટકાવારી |
|---|---|---|---|
| ઈંગ્લિશ | ૧૫૪૬૧ | ૧૫૩૯૩ | ૭૩.૪૨ |
| ગુજરાતી | ૯૬૨૧૧ | ૯૫૬૧૬ | ૬૭.૦૭ |
| હિન્દી | ૧૫૭૯ | ૧૫૫૬ | ૫૨.૩૧ |
| મરાઠી | ૧૨૨ | ૧૨૦ | ૪૧.૮૦ |
| સિંધી | ૦ | ૦ | ૦૦.૦૦ |
| ઉર્દુ | ૬૨ | ૬૨ | ૫૬.૪૫ |
| કુલ | ૧૧૩૪૩૫ | ૧૧૨૭૪૯ | ૬૭.૭૦ |

# બે વિષયોમાં નાપાસની જુલાઈમાં પૂરક પરીક્ષા

અમદાવાદ,તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થયા બાદ બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા જુલાઈ માસમાં લેવામાં આવશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ વખતે ૨૬૨૬૪ વિદ્યાર્થીઓ બે વિષયમાં નાપાસ થયા છે. જુલાઈ મહિનામાં પરીક્ષા ક્યારે લેવાશે તે અંગે સત્તાવાર જાહેરાત મોડેથી કરવામાં આવશે. પરંતુ વધારે વિદ્યાર્થીઓ પાસ થાય તે માટે બે વિષયમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા માટે નિર્ધારિત સમય મુજબ જ અરજી કરી શકાશે.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| કેજી-૧ | ૧ | રાણા શેફલ સુરેન્દ્રસિંહ | ૯૭.૭૫ |
| | ૨ | પટેલ જાનવી મુકેશભાઈ | ૯૬.૭૫ |
| | ૩ | પટેલ હર્ષ મનુભાઈ | ૯૬.૭૫ |
| કેજી-૨ | ૧ | પટેલ તીર્થ યકિનભાઈ | ૯૮.૭૫ |
| | ૨ | પટેલ અંશ યોગેશભાઈ | ૯૮ |
| | ૩ | ચૌધરી ક્રિશ જશુભાઈ | ૯૮ |
| | ૩ | રાવલ પૂજન પારૂલબેન | ૯૭.૨૫ |
| ૧ | ૧ | પટેલ ક્રિશ જયેશભાઈ | ૯૯.૫ |
| | ૨ | પટેલ હર્ષિક દિલીપભાઈ | ૯૮.૭૫ |
| | ૨ | પટેલ રાહિ ભરતભાઈ | ૯૮.૭૫ |
| | ૩ | પટેલ શ્રેય સંજયભાઈ | ૯૮.૦૫ |
| ૨ | ૧ | પટેલ ભવ્ય રામકૃષ્ણ | ૯૮.૨૫ |
| | ૨ | ચૌધરી વૃષિકા કનુભાઈ | ૯૮ |
| | ૩ | ચૌધરી આસ્થા રાજુભાઈ | ૯૭.૨૫ |
| ૩ | ૧ | તેરૈયા કર્તુમ દિપકભાઈ | ૯૮.૨ |
| | ૨ | ચૌધરી રીયા રાજેન્દ્રભાઈ | ૯૭.૬ |
| | ૩ | પટેલ જૈનમ જયેશભાઈ | ૯૭.૪ |
| ૪ | ૧ | પટેલ સાક્ષી સંજયભાઈ | ૯૯.૪ |
| | ૨ | ચૌધરી જૈમીન હસમુખભાઈ | ૯૮.૮ |
| | ૩ | પટેલ દેવર્ષ ઉપેન્દ્રભાઈ | ૯૮.૨ |
| ૫ | ૧ | પટેલ ઉર્વિશ પ્રવિણકુમાર | ૯૯ |
| | ૨ | પ્રજાપતિ ગહેના જગદીશભાઈ | ૯૭ |
| | ૨ | વાઘેલા પ્રદીપ જશવંતભાઈ | ૯૭ |
| | ૩ | પટેલ હર્ષ સતિષભાઈ | ૯૬ |
| ૬ | ૧ | પટેલ રાજવી જયેશકુમાર | ૯૭.૮૫ |
| | ૨ | પંડ્યા આસ્થા | ૯૭.૨૮ |
| | ૩ | જાડેજા ભૂમિકા હરેન્દ્રસિંહ | ૯૬.૪૨ |
| ૭ | ૧ | ચૌધરી જૈમિન અમૃતભાઈ | ૯૮.૫૭ |
| | ૨ | રાઠોડ જીનલકુંવર હરિશ્ચંદ્રસિંહ | ૯૮.૧૪ |
| | ૩ | જાડેજા યશપાલ હરેન્દ્રસિંહ | ૯૭.૧૪ |
| ૮ | ૧ | ઠાકર કાજલ જતિનકુમાર | ૯૨.૩ |
| | ૨ | ચૌધરી વૈભવી જશુભાઈ | ૯૦.૭ |
| | ૩ | રાઓલ ૠચિતા તરૂણસિંહ | ૮૭.૨ |
| ૯ | ૧ | પ્રજાપતિ નૈતિક જયંતિભાઈ | ૯૩.૨૯ |
| | ૨ | પટેલ વિવેકકુમાર ભરતભાઈ | ૯૦.૫૭ |
| | ૩ | પટેલ ઉમંગ પંકજભાઈ | ૮૮.૨૯ |
| ૧૧ | ૧ | પટેલ ચિરાગ સુરેશભાઈ | ૮૨.૧૨ |
| | ૧ | પટેલ રોનક ભીખાભાઈ | ૮૨.૧૨ |
| | ૨ | ચાવડા હરદીપ અજિતસિંહ | ૭૪.૫૦ |
| | ૩ | ગુર્જર નરેન્દ્ર મગજીભાઈ | ૭૪.૧૨ |

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ
### અંગ્રેજી માધ્યમ

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ | રહેમાન નિસાર | ૯૭.૪૨ |
| | ૨ | વાઢેલ શ્લોક ચિરાગભાઈ | ૯૪.૭૧ |
| | ૩ | તાયડે સ્નેહા સંતોષ | ૯૩.૭૧ |
| ૨ | ૧ | રબારી ધારા ભરતભાઈ | ૯૫.૮૫ |
| | ૨ | થાયથાવલપ્પીયલ નિખિલ વેણુગોપાલ | ૯૪.૧૪ |
| | ૩ | પંડોરે ભાવિક લાલજીભાઈ | ૯૩.૧૪ |
| ૩ | ૧ | આહિર સુરાભાઈ ભરતભાઈ | ૮૭.૫૭ |
| | ૨ | જાની પાર્થ ઉમેશભાઈ | ૮૭.૧૪ |
| | ૩ | ચૌધરી પાર્થિવ કનુભાઈ | ૮૬.૧૪ |
| ૪ | ૧ | સિંઘ સંદીપ જગતભાઈ | ૯૨.૬૨ |
| | ૨ | શાહ ક્રિશ વિજયકુમાર | ૮૪.૨૫ |
| | ૩ | ચૌધરી આદિત્ય મનુભાઈ | ૮૦.૬૨ |
| ૫ | ૧ | પટેલ ધૃવિલ રમેશભાઈ | ૮૯.૨૨ |
| | ૨ | મિસ્ત્રી દૃષ્ટિ જયેશભાઈ | ૮૨.૨૨ |
| | ૩ | ગુર્જર નારાયણલાલ માંગીલાલ | ૯૦.૩૩ |

## ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૯ | ૧ | વૈષ્ણવ પ્રાચી યોગેશકુમાર | ૯૭.૩ |
| | ૨ | પટેલ સ્મિત જિતેન્દ્રભાઈ | ૯૫.૯ |
| | ૩ | પટેલ ૠત્વિક ગિરીશભાઈ | ૯૫.૬ |

# બાયોલૉજીમાં ૧૦૦ ગુણ મેળવનારની સંખ્યા વધી

અમદાવાદ, તા. ૧૦

શિક્ષણ બોર્ડ દ્વારા આજ રોજ જાહેર થયેલા ધો. ૧૨ સાયન્સના પરિણામમાં કુલ ૫૩ વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. આમાં સૌથી વધુ જીવવિજ્ઞાન વિષયમાં ૧૬ વિદ્યાર્થીઓએ ૧૦૦ ગુણ મેળવ્યા છે. ગત વર્ષે ગણિત વિષયમાં ૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ ૩૦ હતી. જેની સામે ચાલુ વર્ષે ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ફક્ત ૧૩ છે.

ગણિતમાં નોંધાયેલા ઘટાડાને ગંભીર રીતે લેવાયો છે. વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગણિતના વિષયને લઈને નબળા પડતા હોવાનું ધ્યાનમાં આવતા સરકાર ગણિત વિષય માટે સતત સેમિનારો ગોઠવી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા પ્રયત્ન કરે છે. બીજીબાજુ ચાલુ વર્ષે ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલા સામાન્ય ઘટાડાને ગંભીર રીતે લેવાયો છે. ચાલુ વર્ષે બોર્ડમાં જુદા જુદા વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા આ પ્રમાણે છે. જેમાં જીવવિજ્ઞાન ૧૬, રસાયણશાસ્ત્રમાં ૩, ભૌતિકશાસ્ત્રમાં ૬, ગણિતમાં ૧૩ અને કોમ્પ્યુટરમાં ૧૫ વિદ્યાર્થીઓના ૧૦૦માંથી ૧૦૦ ગુણ આવ્યા છે.

# એ-૧ ગ્રેડમાં ગુજરાતી માધ્યમના સૌથી વધુ

| માધ્યમ | નોંધાયેલા | ગ્રેડ | | | | | | | સુધારણાની જરૂર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિદ્યાર્થી | એ૧ | એ૨ | બી૧ | બી૨ | સી૧ | સી૨ | ડી | (ઈ૧ અને ઈ૨) |
| અંગ્રેજી | ૧૫૩૯૩ | ૭૩ | ૧૦૬૨ | ૨૦૮૯ | ૩૦૭૭ | ૩૩૫૪ | ૧૩૮૯ | ૨૫૭ | ૪૧૬૦ |
| ગુજરાતી | ૯૫૬૧૬ | ૨૨૯ | ૩૬૬૦ | ૯૩૫૮ | ૧૫૮૭૬ | ૨૦૦૧૩ | ૧૧૩૫૪ | ૩૬૪૨ | ૩૨૦૭૯ |
| હિન્દી | ૧૫૫૬ | ૦ | ૮ | ૪૩ | ૧૪૬ | ૨૭૩ | ૨૬૦ | ૮૪ | ૭૫૬ |
| મરાઠી | ૧૨૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૯ | ૨૬ | ૧૫ | ૭૧ |
| સિંધી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉર્દુ | ૬૨ | ૦ | ૦ | ૩ | ૨ | ૧૦ | ૧૭ | ૩ | ૨૭ |
| કુલ | ૧૧૨૭૪૯ | ૩૦૨ | ૪૭૩૦ | ૧૧૪૯૩ | ૧૯૧૦૨ | ૨૩૬૫૯ | ૧૩૦૪૬ | ૪૦૦૧ | ૩૭૧૦૨ |

# ધોરણ-૧૨ સાયન્સ, ગુજકેટ પરિણામમાં બોર્ડના છબરડા

## વિદ્યાર્થીઓને છેક સવારે ૧૦.૦૦ વાગે પરિણામ જોવા મળ્યું

*અમદાવાદ, તા.૧૦*

*ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ જાહેર થયેલા ધો.૧૨ સાયન્સ-ગુજકેટના પરીણામમાં ભારે છબરડા થયા હતા. બીજીબાજુ છેલ્લા બે વર્ષથી જાહેર જનતા માટે યોજાતી કોન્ફરન્સ જે બંધ કરી દેવાઈ હતી તે ચાલુવર્ષે ચૂંટણી હોવાથી શિક્ષણમંત્રી દ્વારા યોજવામાં આવી હતી.*

*રાજ્ય શિક્ષણ બોર્ડના ચેરમેન સહિતના અધિકારીઓએ ગઈકાલ બુધવારે માહિતી આપતા જણાવ્યું હતું કે સવારે ૮.૦૦ વાગે પરિણામ જાહેર થઈ જશે અને વિદ્યાર્થીઓને તમામ માહિતી મળી જશે પરંતુ ગુરૂવારે સવારે ૮.૦૦ વાગે પરિણામ જાહેર થયુ જ ન હતું. વિદ્યાર્થીઓ પરિણામ જોવા દોડભાગ કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓને છેક સવારે ૧૦.૦૦ વાગે પરિણામ જોવા મળ્યું હતું. આમા સમગ્ર વિગતો મુકાઈ જ ન હતી. બોર્ડના અધિકારીઓનું ધ્યાન દોરતા સવારે ૧૦.૦૦ વાગે પરિણામની બાકીની વિગતો મૂકાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે બોર્ડ પરિણામ પુસ્તીકા છપાવી નથ્સ્ત આમ ચાલુ વર્ષે પરિણામ મેળવવા વિદ્યાર્થીઓને ભારે દોડધામ કરવી પડી હતી. બીજીબાજુ શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ જાહેર જનતામંત્રી રમણલાલ વોરાએ જાહેર જનતા માટે યોજાતી પત્રકાર પરિષદ બંધ કરી દીધી હતી. મંત્રી વોરા પત્રકાર પરિષદમાં બફાટ મારતા હોવાથી તેઓ પત્રકારથી દૂર રહેવાનું જ પસંદ કરે છે પરંતુ ચાલુ વર્ષે વિધાનસભાની ચૂંટણી હોવાથી અચાનક શિક્ષણમંત્રી સફાળા જાગ્યા હતા અને ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજી હતી.*

*સરકાર ઉત્સવ પાછળ આડેધડ ખર્ચ કરે છે અને બોર્ડને છપાવવાનો ખર્ચ કરે છે અને બોર્ડને છપાવવાનો ખર્ચ પોસાતો નથી. આજે વિદ્યાર્થીઓમાં પણ આજ ચર્ચાને લઈને નારાજગી જોવા મળી હતી.*

## ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલ્સ ઘટી

અમદાવાદ,તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ વખતે રાજ્યમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૮ નોંધાઈ છે જે ગત વર્ષની સરખામણીમાં ઓછી છે. ગત વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૨ હતી જે ઘટીને ૨૮ થઈ છે. ૧૦૦ ટકા ધરાવતી શાળાઓની સંખ્યા ૪ સુધી ઘટી છે. આવી જ રીતે ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાની સંખ્યા આ વખતે ૪૫ છે જે ગત વર્ષ ૪૮ હતી. ટૂંકમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ઘટી છે. સાથે સાથે ગત વર્ષ કરતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પણ ઘટ્યુ છે.

# કારકિર્દીનાં ઉચ્ચ શિખરો માટેની દીવાદાંડી : ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ

**ન એને ચવાયેલો ઇતિહાસ આપો,**
**દિશાઓ ખૂલે એવો અજવાસ આપો;**
**તમારી સીમાઓ ન બતાવશો એને,**
**એ બાળક છે એને તો બસ આકાશ આપો**

બાળકોને ઉચ્ચતમ રીતે ખીલવવાનો ઉમદા સંદેશ આપતી આ સુંદર પંક્તિઓને ગાંધીનગરની એક શાળાએ પોતાનો હેતુ બનાવી દીધી છે અને એ મુજબ જ એ પોતાના વિદ્યાર્થીઓને ન માત્ર શિક્ષણ આપી રહી છે, પરંતુ એમનું ઘડતર પણ કરી રહી છે.

આપણે વાત કરી રહ્યા છીએ સૅક્ટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં કાર્યરત ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સની, જે ન માત્ર ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને પ્રથમ પસંદ છે, પરંતુ ધોરણ-૧૧,૧૨ના અભ્યાસ માટે પણ સમગ્ર ગુજરાતમાં બેસ્ટ ગણાય છે.


આપણે સારી પેઠે જાણીએ છીએ કે આજે અભ્યાસનું કેટલું મહત્ત્વ છે અને એમાંય ધોરણ-૧૦થી ૧૨ના અભ્યાસનું. ધોરણ-૧૧, ૧૨ સાયન્સ જેવા કારકિર્દીનાં વર્ષોમાં યોગ્ય શિક્ષણ સંસ્થાની પસંદગીમાં ભૂલ થાય તો કાં તો વિદ્યાર્થીની કારકિર્દી પર પ્રશ્નાર્થ ચિન્હ લાગી જાય છે અને કાં તો મૅડિકલ-ઍન્જિનીયરીંગમાં પ્રવેશ માટે વાલીએ લાખો રૂપિયા ચૂકવીને ગમે તે કૉલેજમાં ઍડમિશન લેવું પડે છે. આવું જોખમ ન લેવું પડે એટલે અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ અને સુજ્ઞ વાલીઓ પણ ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ ઉપર જ ભરોસો રાખે છે. અને સ્કૂલ વિદ્યાર્થીઓને ઉચ્ચ પરિણામ સાથે સુવર્ણ કારકિર્દીનો પથ પણ દેખાડે છે. એ જ કારણે તો ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સની શાખાઓ રાજકોટ, ત્રંબા, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, અમરેલી અને સુરતમાં પણ સફળતાપૂર્વક ચાલી રહી છે. ગાંધીનગરમાં આ શાળા ૨૦૧૦થી કાર્યરત થઈ અને આજદિન સુધી ૯૫૦ વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓએ શાળા પ્રત્યે પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ એ વિશ્વાસને જાળવી રાખવામાં સફળ રહી છે.



કોઈ પણ સાયન્સ સ્કૂલ માટે તેની કરોડરજ્જુ સમાન સ્કૂલના વિષય નિષ્ણાતોની ટીમ હોય છે તેમજ કોઈપણ સાયન્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓનાં સોનેરી ભવિષ્યનો આધાર માત્ર વિષય નિષ્ણાતોની ટીમ પર જ હોય છે. જે સ્કૂલમાં વિષય નિષ્ણાતોની સારી અને અનુભવી ટીમ ન હોય તેવી સ્કૂલમાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ જ હોય છે. આ સ્કૂલના દરેક ફેકલ્ટી કાયમી છે કારણ કે તે જ સ્કૂલના પાર્ટનર્સ પણ છે. આ દરેક ફેકલ્ટી ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ ધરાવે છે.

શા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સનું નામ પ્રથમ પસંદગીમાં રાખે છે એ માટેનું કારણ એ છે કે ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ પોતાની આગવી શિક્ષણ પ્રણાલીના કારણે અન્ય સ્કૂલ્સથી અલગ જ તરી આવે છે. ક્રિષ્ના સ્કૂલમાં ટ્યુશન શબ્દ પર પ્રતિબંધ છે, એટલે કે આ સ્કૂલનું વિશિષ્ટ આયોજન અને વિદ્યાર્થીઓનું રિઝલ્ટ ઓરીએન્ટેડ વર્ક જ એવું છે કે આ સ્કૂલમાં પ્રવેશ લીધા પછી વિદ્યાર્થી ટ્યુશન શબ્દ ભૂલી જાય છે.

નવી સેમીસ્ટર પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે પણ સ્કૂલ પાસે સચોટ આયોજન છે. અદ્યતન સૉફ્ટવેર સિસ્ટમ દ્વારા ઓઍમઆર શીટના માધ્યમથી વિદ્યાર્થીના અભ્યાસનું સચોટ મૂલ્યાંકન થાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના લોજીકલ ડેવલપમેન્ટ માટે ખાસ કોન્સેપ્ટ સાથેની તૈયારી કરાવવામાં આવે છે. અને હા,



**મારી શિક્ષાભૂમિ**

વિદ્યાર્થીઓને ત્વરિત પરિણામ ઍસઍમઍસ દ્વારા પહોંચાડવામાં આવે છે. દરેક સેમીસ્ટરના વિદ્યાર્થીઓ માટે અહીં અઠવાડિયામાં ત્રણ વાર ટેસ્ટની પ્રથા દાખલ કરવામાં આવી છે, જે કારણે વિદ્યાર્થી હંમેશા સજાગ અને તૈયાર રહે છે.

દરેક ટેસ્ટ પછી તરત જ અનુભવી શિક્ષક ગણ દ્વારા પેપર ચેકીંગની પ્રથા તેમજ તરત જ રિઝલ્ટ મળે તે રીતનું પદ્ધતિસરનું આયોજન સ્કૂલ દ્વારા ગોઠવવામાં આવ્યું છે. એ પછી દરેક વિદ્યાર્થીની ભૂલો તરફ ધ્યાન વ્યક્તિગત રીતે દોરવામાં આવે છે અને એ ભૂલોને વિદ્યાર્થી સુધારી ન લે ત્યાં સુધી તેના સુધાર માટે પ્રયાસ કરવામાં આવે છે.

દરેક ટેસ્ટને અંતે મળતાં રિઝલ્ટની જાણ વાલીઓને ઍસઍમઍસ દ્વારા કરવામાં આવે છે, જેથી વાલીઓ અને સંસ્થા વચ્ચે સંચારનો સેતુ મજબૂત બને છે. ટેસ્ટનાં પરિણામને આધારે વિદ્યાર્થીઓને અભ્યાસની તૈયારી કરાવવામાં આવે છે. વિકલી ટેસ્ટ ઉપરાંત દર મહિનાના અંતમાં યુનીટ ટેસ્ટનું આયોજન પણ સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું છે.

માત્ર વિદ્યાર્થીઓની ભૂલો સુધારવાથી જ સ્કૂલ અટકી નથી જતી. પરંતુ, પરિણામોનું પૃથક્કરણ કરીને વધારાના વર્ગોનું આયોજન પણ તેણે હાથ ધર્યું છે. દરેક પરીક્ષા પછી મળતાં પરિણામના આધારે તેમજ વિદ્યાર્થીઓના લોજીક, હાર્ડવર્ક અને રેગ્યુલારિટીના આધારે તેમની અલગ-અલગ જૂથમાં વહેંચણી કરવામાં આવે છે. આ જૂથને તેમનાં શિક્ષણ સ્તર મુજબ જરૂર પડ્યે એક્સ્ટ્રા કોચીંગ આપીને તેમનું શિક્ષણ સ્તર ઊંચું લાવવામાં આવે છે. વિદ્યાર્થીઓના પરફૉર્મન્સનું એનાલિસીસ એ આ સ્કૂલની કાયમી પદ્ધતિ છે, જેનાથી તેનો વિદ્યાર્થી હંમેશા ઉચ્ચ પરિણામ તરફ દોરાય છે. મૉડર્ન ટીચીંગ એઈડ્સ, વિદ્યાર્થીના વિકાસ પરત્વે સતત ધ્યાન, અદ્યતન સુવિધાઓ, સંપન્ન લૅબોરેટરી, મલ્ટીમિડીયા સહિતનું કૉમ્પ્યુટરાઈઝ્ડ ઍજ્યુકેશન અને ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ માટે લેવાતી વિવિધ પરીક્ષાઓ માટેની તાલીમ જેવી સગવડોના કારણે વિદ્યાર્થી ન માત્ર અભ્યાસમાં પરંતુ, જ્ઞાનમાંય નિપુણ થઈ જાય છે.

એ જ કારણ છે કે ક્રિષ્ના સ્કૂલના વિદ્યાર્થીઓ ડોનેશન વગર મૅડિકલ અને ઍન્જિનીયરીંગ જેવા કોર્સીસમાં આસાનીથી પ્રવેશ મેળવી લે છે. અને હા, વર્ષ ૨૦૦૬થી આ સ્કૂલના વિદ્યાર્થીઓ ન માત્ર બૉર્ડમાં, પરંતુ બૉર્ડ મેરીટમાં અને જિલ્લામાં તથા ગુજકેટમાં પણ સ્થાન મેળવતા આવ્યા છે. અહીં અભ્યાસ કરી ગયેલી વિદ્યાર્થીની ધ્વનિના માતા-પિતા સુષ્માબેન અને મહેશકુમાર પંડિત આ સ્કૂલ વિશે પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે, 'શૈક્ષણિક પદ્ધતિ આધુનિક અને ગુણવત્તા સારી. શિક્ષકો પ્રતિભા સંપન્ન અને તેજસ્વી. પરીક્ષા પદ્ધતિ સુવ્યવસ્થિત, પ્રશ્નપત્રોની ગુણવત્તા ઉત્કૃષ્ટ અને મૂલ્યાંકન પદ્ધતિ સુવ્યવસ્થિત. શૈક્ષણિક મૂલ્યાંકનની પદ્ધતિ સારી અને ઉત્તમ.'

પાર્થ નામના વિદ્યાર્થીના માતા-પિતા તૃષાબેન અને દિનેશકુમાર પટેલ જણાવે છે કે, 'ગાંધીનગર શહેરમાં ઉચ્ચ કક્ષાની શૈક્ષણિક પદ્ધતિ, કુશાગ્ર બુદ્ધિશાળી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દીનાં ઉચ્ચ શિખરો સર કરાવવા માટેની દીવાદાંડીરૂપ આ સંસ્થા છે.'

ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ માત્ર વિદ્યાર્થીઓને અભ્યાસમાં જ પારંગત બનાવે છે એવું નથી. વૃક્ષારોપણ, સ્પૉર્ટ્સ ડે, ટીચર્સ ડે, શૈક્ષણિક પ્રવાસ, પિકનીક્સ, ઍન્યુઅલ ફંક્શન, તહેવારોની ઉજવણી, ઍવોર્ડ સેરીમની, ફૅરવેલ ફંક્શન, સ્ટ્રેસ ફ્રી સેમીનાર, મોટીવેશનલ સેમીનાર અને એજ્યુકેશનલ સેમીનાર જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પૂર્ણ પ્રતિભાશાળી બનાવવામાં આવે છે.

એસી ક્લાસરૂમ, સાત્વિક પૌષ્ટીક ભોજન, વર્ગદીઠ મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ, દરેક વિષય માટે અદ્યતન લૅબોરેટરી, શહેર વિસ્તારમાં કૅમ્પસ, દરેક વિષયમાં ઉત્તમ નિષ્ઠાવાન અનુભવી અને સમર્પિત શિક્ષક ગણ, અન્ય વિદ્યાર્થીઓ સાથે સીધી હરિફાઈ કરી શકે તેવી પરીક્ષા પદ્ધતિ તથા બૉર્ડના અનુભવી પેપર નિરીક્ષકો દ્વારા પ્રથમ દિવસથી જ વિદ્યાર્થીના ટેસ્ટનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિને કારણે છેલ્લાં પાંચ વર્ષથી સતત ગુજરાત બૉર્ડમાં ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સના વિદ્યાર્થીઓ ઝળકી રહ્યા છે અને અનેક વિદ્યાર્થીઓ પોતાની મનપસંદ કારકિર્દીના પથ પર સફળતાથી આગળ વધી ગયા છે.

નીતિ, નિષ્ઠા, સુવિધા, પદ્ધતિ, અનુભવ અને અભિગમ - બધું જ શ્રેષ્ઠ હોય, તો પરિણામ પણ શ્રેષ્ઠ મળવાનું જ છે !

